**મનોજ અગ્રવાલ, IAS**
**સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર, સર્વ શિક્ષા અભિયાન**
**અને કમિશનર ઓફ પ્રાયમરી એજ્યુકેશન**
**અને મધ્યાહન ભોજન યોજના**

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગર.
ફોન.૦૭૯ – ૨૩૨ ૪૩૧૩૩
ફેકસ : ૦૭૯ ૨૩૨ ૩૨૪૩૬
Email : - dpepgujarat@yahoo.com, spossam@gmail.com
**Toll Free No.1800-233-7965**

ક્માંક : SSA/MIS/૨૦૧૩/ ૬ ૫૩૨૪ - ૫૩૫૩ તા.૬/ ૧/૨૦૧૩

પ્રતિ,
૧. જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા પ્રોજેક્ટ કચેરી,
સર્વ શિક્ષા અભિયાન, જિલ્લાઃ તમામ
૨. શાસનાધિકારીશ્રી,
કોર્પોરેશનઃ અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા

**વિષય: જિલ્લા પ્રોજેક્ટ કચેરી, બ્લોક રીસોર્સ સેન્ટર, કલસ્ટર રીસોર્સ સેન્ટર તથા શાળા ખાતે ઈન્ટરનેટ કનેકશન બાબત.**
**સંદર્ભ: અત્રેની કચેરીના બીએસએનએલને આપેલ વર્કઓર્ડર ક્માંકઃએસએસએ / એમઆઈએસ / ૨૦૧૨ / ૫૩૭૩૩ તા.૦૨/૧૧/૨૦૧૨**

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કાર્યરત કલસ્ટર પૈકી ૩૨૨૫ કલસ્ટર ખાતે બ્રોડબેન્ડ ઈન્ટરનેટની સુવિધા બીએસએનએલ દ્વારા અગાઉ આપવામાં આવેલ છે તે તમામ કનેકશનને ઉકત સંદર્ભદર્શિત વર્કઓર્ડર અન્વયે બીએસએનએલ દ્વારા અપગ્રેડ કરી BBG ULD 850 unlimited planમાં તબદીલ કરવામાં આવનાર છે. જેના તમામ બિલનું ચૂકવણું અત્રેની કચેરીથી કરવામાં આવશે.

વધુમાં, ઉકત સંદર્ભદર્શિત વર્કઓર્ડર અન્વયે બીએસએનએલ દ્વારા નીચેની વિગતે બ્રોડબેન્ડ ઈન્ટરનેટની સુવિધા આપવામાં આવનાર છેઃ

(૧) રાજયની તમામ જિલ્લા પ્રોજેક્ટ કચેરી, બ્લોક રીસોર્સ સેન્ટર તથા ૧૦૪૩ કલસ્ટર રીસોર્સ સેન્ટર ખાતે બીએસએનએલ દ્વારા BBG ULD 850 unlimited planના નવા બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેકશન આપવામાં આવનાર છે.

(૨) રાજયની કોમ્પ્યુટર લેબ ધરાવતી શાળાઓને બીએસએનએલ દ્વારા બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેકશનની ઉપલબ્ધતા અને શાળાના નામાંકનને આધારે જિલ્લાવાર પાઈલોટ બેઝ પર બીએસએનએલ દ્વારા BBG ULD 850 unlimited planના નવા બ્રોડબેન્ડ ઈન્ટરનેટ કનેકશન આપવામાં આવનાર છે.

ઉકત તમામ કનેકશન માટેના બિલના ચૂકવણા અત્રેની કચેરીએથી બીએસએનએલને કરવામાં આવશે. જેથી ઉકત કનેકશન માટે કોઈ પણ પ્રકારનું ચૂકવણું જિલ્લા, બ્લોક, કલસ્ટર તથા શાળા કક્ષાએથી કરવાનું થતું નથી જે અંગે જે તે કક્ષાએ જરૂરી સુચના આપવી.

જિલ્લા પ્રોજેક્ટ કચેરી તથા બ્લોક રીસોર્સ સેન્ટર ખાતે હયાત અન્ય ઈન્ટરનેટ કનેકશન સદર કનેકશન મળતા તાત્કાલિક અસરથી બંધ કરાવવાનું રહેશે જેની ખાસ નોંધ લેવી તથા તેની બ્લોક કક્ષાએ પણ જાણ કરવી.

(મનોજ અગ્રવાલ, IAS)

**નકલ રવાના જાણ સારુ:**
DGM (Marketing & EB), Gulbai Tekra Exchange Building, BSNL Ahmedabad

WWW.VIRALSHIRA.BLOGSPOT.COM